# ગભરાયો ન હતો, શું થાય છે તે જોવા માગતો હતો: ટ્રમ્પ

**જિજ્ઞાસાવૃતિને** કારણે મેં સિક્રેટ સર્વિસવાળાઓની કામગીરી થોડી ધીમી પાડી દીધી હતી: અમેરિકી પ્રમુખે એક ઇન્ટરવ્યુમાં કહ્યું

વોશિંગ્ટન, ૨૭ એપ્રિલ (PTI): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે શનિવારે રાત્રે જ્યારે 'વ્હાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશન'ના રાત્રિભોજન દરમિયાન એક બંદૂકધારીએ હોટલમાં ગોળીબાર કર્યો અને સિક્રેટ સર્વિસના એજન્ટો તેમને ઉતાવળમાં બહાર લઈ ગયા, ત્યારે તેઓ પોતે જોવા માંગતા હતા કે શું થઈ રહ્યું છે.

CBS ના કાર્યક્રમ '60 મિનિટ્સ'ને આપેલા એક ઇન્ટરવ્યુમાં, ટ્રમ્પે વોશિંગ્ટન હિલ્ટન હોટલના બેઝમેન્ટ-લેવલના બોલરૂમ (જ્યાં વાર્ષિક રાત્રિભોજન યોજાયું હતું)ના ઉપરના માળે થયેલા ગોળીબાર પછીની અંધાધૂંધીભરી ક્ષણોનું વર્ણન કર્યું હતું. ગોળીબારનો અવાજ સાંભળ્યા પછી સંભવિત ઈજાઓ વિશે તેઓ કેટલા ચિંતિત હતા તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું, હું ચિંતિત નહોતો. હું જીવનને સમજું છું.

આપણે એક પાગલ દુનિયામાં જીવી રહ્યા છીએ. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે શું થઈ રહ્યું છે તે જોવાની તેમની જિજ્ઞાસાને કારણે કદાચ સિક્રેટ સર્વિસના તેમને સુરક્ષિત સ્થળે લઈ જવાના પ્રયાસો ધીમા પડ્યા હતા. તેમણે ઉમેર્યું, મારે જોવું હતું કે શું થઈ રહ્યું છે. હું તેમના માટે કામ સરળ બનાવી રહ્યો નહોતો. મારે જોવું હતું કે શું ચાલી રહ્યું છે. અને તે સમય સુધીમાં અમને અહેસાસ થવા લાગ્યો કે કદાચ આ એક મોટી સમસ્યા હતી, કંઈક અલગ પ્રકારની સમસ્યા, એક ખરાબ ઘટના - જે બોલરૂમમાં સામાન્ય રીતે થતા અવાજો કરતા અલગ હતી. રાષ્ટ્રપતિએ યાદ કરતા કહ્યું, હું મહાન લોકોથી ઘેરાયેલો હતો. અને મેં કદાચ તેમની કામગીરી થોડી ધીમી પાડી દીધી હતી. મેં કહ્યું, 'એક મિનિટ ઉભા રહો, એક મિનિટ ઉભા રહો'. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે તેઓ સ્ટેજ પરથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે સિક્રેટ સર્વિસના એજન્ટોએ તેમને વારંવાર જમીન પર બેસી જવા માટે કહેવું પડ્યું હતું.

# પાકિસ્તાન અને ચીન વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે ત્રણ કરાર

**ખારા** પાણીને મીઠુ બનાવવા, કૃષિ સહકાર અને ચા ઉદ્યોગના વિકાસ માટેના સહકાર માટે કરારો થયા

**પાકિસ્તાનના** પ્રમુખ આસિફ ઝરદારી ચીનની એક સપ્તાહની મુલાકાતે ગયા છે

ઈસ્લામાબાદ, તા. 27(PTI): પાકિસ્તાન અને ચીને સોમવારે વોટર ડિસેલિનેશન, કૃષિ ટેકનોલોજી અને ચા ઉદ્યોગમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા માટે ત્રણ સમજૂતી કરાર (MoUs) પર હસ્તાક્ષર કર્યા છે. પ્રમુખ આસિફ ઝરદારી, જેઓ 1 મે સુધી ચીનની એક સપ્તાહની મુલાકાતે છે, તેમની હાજરીમાં પાકિસ્તાની અને ચીની સંસ્થાઓ વચ્ચે આ MoUs પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે મહત્વના ક્ષેત્રોમાં વ્યવહારિક સહયોગ વધારવાના કેન્દ્રિત પ્રયાસોને દર્શાવે છે, તેમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

આ હસ્તાક્ષર સમારોહ હુનાન પ્રાંતના ચાંગશામાં યોજાયો હતો. પ્રથમ MoU સિંધ સ્થાનિક સરકાર અને લ્યુસિયન એન્વાયરમેન્ટલ ટેકનોલોજી ગ્રુપ વચ્ચે કરાચીમાં દરિયાના પાણીને મીઠું બનાવવાના (વોટર ડિસેલિનેશન) પ્રોજેક્ટ પર સહયોગ માટે કરવામાં આવ્યો હતો, જેનો હેતુ બંદરીય શહેરમાં પાણી પુરવઠો વધારવાનો છે. આ કરાર પર સિંધના વરિષ્ઠ મંત્રી શરજીલ ઇનામ મેમણ અને લ્યુસિયન ગ્રુપના ચેરમેન યુહુઈ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મેમણે કૃષિ ટેકનોલોજીમાં સહયોગ માટે સિંધ સ્થાનિક સરકાર અને લોંગ પિંગ હાઈ-ટેક ઈન્ફોર્મેશન કંપની વચ્ચેના MoU પર પણ કંપનીના ચેરમેન ચેન ઝિશિન સાથે હસ્તાક્ષર કર્યા હતા. ત્રીજો MoU મેસ્કે એન્ડ ફેમટી ટ્રેડિંગ કંપની, હુનાન ટી ગ્રુપ અને જિયાઓલોંગ ઈન્ટરનેશનલ ટેકનોલોજી (હૈનાન) વચ્ચે ઉદ્યોગના તમામ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કરવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ્ય બંને દેશોમાં ચા ઉદ્યોગના વિકાસને ટેકો આપવાનો અને આર્થિક, વ્યાપારી તથા જનસંપર્ક સંબંધોને મજબૂત કરવાનો છે. પાકિસ્તાન તરફથી સેનેટર સલીમ માંડવીવાલાએ અને ચીન તરફથી હુનાન ટી ગ્રુપના ચેરમેન ઝૂ ચોંગવાંગ અને હૈનાન જિયાઓલોંગ ઈન્ટરનેશનલ ટ્રેડ ટેકનોલોજીના ચેરમેન હાઓ જિયાઓલોંગે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે સાંસદ નવીદ કમર, સિંધના મુખ્ય સચિવ સૈયદ આસિફ શાહ અને ચીન ખાતેના પાકિસ્તાનના રાજદૂત ખલીલ હાશમી પણ ઉપસ્થિત રહ્યા હતા.

અલગથી, રાષ્ટ્રપતિ ઝરદારીએ ચાંગશામાં પ્રોફેસર પાન શિયાંગબિનને 'સિતારા-એ-પાકિસ્તાન' એવોર્ડ એનાયત કર્યો હતો. પ્રેસિડેન્સીના જણાવ્યા અનુસાર, જન્મજાત હૃદય રોગ ધરાવતા પાકિસ્તાની બાળકોની સારવાર અને સ્થાનિક તબીબી વ્યાવસાયિકોને તાલીમ આપવા સહિત કાર્ડિયાક કેર ક્ષેત્રે તેમના યોગદાનની માન્યતા રૂપે આ સન્માન આપવામાં આવ્યું હતું.

# પાકિસ્તાને ફરી અફઘાનિસ્તાન પર હુમલો કર્યો

**કુનારમાં** મિસાઇલ હુમલો કરાયો, યુનિવર્સિટીને પણ નુકસાન થયું

નવી દિલ્હી, તા. 27: પાકિસ્તાને સોમવારે અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતમાં મિસાઇલ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા હતા અને 45 અન્ય ઘાયલ થયા હતા. કુનાર પ્રાંતના માહિતી અને સંસ્કૃતિ વિભાગના વડા નજીબુલ્લાહ હનીફે કાબુલ સ્થિત ટોલો ન્યૂઝને જણાવ્યું હતું કે, મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

હુમલાઓમાં કુનાર યુનિવર્સિટી હોસ્ટેલને પણ નિશાન બનાવવામાં આવી હતી. યુનિવર્સિટી ઉપરાંત, શહેર અને તેની આસપાસનાં અનેક ગામડાંઓ અને રહેણાક વિસ્તારો પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, તાલિબાન લશ્કરી ઠેકાણા અસદાબાદની નજીકમાં સ્થિત છે, પરંતુ તે ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હોવાના કોઈ તાત્કાલિક અહેવાલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પર કેટલીક અથડામણો થઈ હતી, જેમાં બન્ને પક્ષે જાનહાનિ થઈહતી. ઈદ ઉલ-ફિત્રની પૂર્વસંધ્યાએ 18 માર્ચે કાબુલ અને ઇસ્લામાબાદ વચ્ચે યુદ્ધવિરામ કરાર થયા બાદ આ અથડામણો સમાપ્ત થઈ હતી. તુર્કી, સાઉદી અરેબિયા અને કતારની વિનંતીઓ બાદ આ કરાર થયો હતો.

બાદમાં પાકિસ્તાની અને અફઘાન અધિકારીઓએ બેઇજિંગની મધ્યસ્થીથી ઉત્તરપશ્ચિમ ચીનના શહેર ઉરુમકીમાં અઠવાડિયા લાંબી વાટાઘાટો કરી, બેઇજિંગના જણાવ્યા અનુસાર, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સંબંધોને અસર કરતા મુદ્દાઓને ઉકેલવા માટે એક વ્યાપક યોજના પર ચર્ચા કરવા સંમત થયા હતા.

# મુંબઈમાં રિક્ષા-ટેક્સી ચાલકો માટે 'મરાઠી'નો નિયમ હાલ ટળ્યો

**1 મે 2026થી** નિયમ લાગુ કરવાની તૈયારી વચ્ચે રાજકારણ ગરમાયું; MNS નેતા સંદીપ દેશપાંડેએ સરકારની દાનત પર ઉઠાવ્યા સવાલ

મુંબઈ, તા. 27 મહારાષ્ટ્ર સરકાર તરફથી મુંબઈમાં ઓટો રિક્ષા અને ટેક્સી ચાલકો માટે મરાઠી અનિવાર્ય કરવાના નિર્ણયને હાલ પૂરતો પાછો ખેંચી લેવામાં આવ્યો છે. આ નિર્ણય 6 મહિના માટે ટાળી દેવામાં આવ્યો છે. આ બાબતે હવે રાજકારણ પણ તેજ થઈ ગયું છે. એમએનએસ નેતા સંદીપ દેશપાંડેએ પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, અમને આશા છે કે સરકારે જે નિર્ણય લીધો છે તે તેના પર કાયમ રહેશે અને તેને બદલશે નહીં.

એમએનએસ નેતાએ આગળ કહ્યું, "જો સમય જોઈતો હોય તો અમે આપવા તૈયાર છીએ, પરંતુ જે પ્રકારે અમને આજની મીટિંગમાં બોલાવવામાં આવ્યા નથી તે જોઈને લાગે છે કે સરકાર પોતાનો નિર્ણય બદલી નાખશે."

મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકારે મોટો નિર્ણય લીધો છે કે મુંબઈમાં ઓટો રિક્ષા અને ટેક્સી ચાલકો માટે મરાઠી અનિવાર્ય રહેશે નહીં. તેને 6 મહિના માટે ટાળી દેવામાં આવ્યો છે. રાજ્યના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર પ્રતાપ સરનાઈકે જાહેરાત કરી હતી કે 1 મે 2026થી હવે ઓટો રિક્ષા પરમિટ માત્ર તે જ વ્યક્તિને આપવામાં આવશે, જે મરાઠી ભાષા વાંચતા અને બોલતા જાણતા હોય.

# ઉત્તર જાપાનના કેટલાક ભાગોમાં 6.2ની તીવ્રતાનો ભૂકંપ

ટોક્યો, તા. 27 (AP) સોમવારે વહેલી સવારે ઉત્તર જાપાનના કેટલાક ભાગમાં 6.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, પરંતુ કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી.

જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સી દ્વારા સુનામી અંગેની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી.

યુએસ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) મુજબ, ભૂકંપ જાપાનના સૌથી ઉત્તરીય મુખ્ય ટાપુ હોકાઈડો પર આવેલા સારાબેત્સુ નામના નાનકડા શહેરથી 18 કિલોમીટર પશ્ચિમમાં 81 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. તેણે ભૂકંપની તીવ્રતા 6.1 માપી હતી.

એક અઠવાડિયા પહેલા, 7.7ની તીવ્રતાના ભૂકંપને પગલે જાપાનને દેશના ઉત્તર-પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારો માટે સંભવિત ભીષણ ભૂકંપના થોડા ઊંચા જોખમની એડવાઈઝરી જાહેર કરવાની ફરજ પડી હતી.



# હોટલના કિચનમાં મહાકાય મગર ઘૂસી ગયો

**ઝિમ્બાબ્વેની** એક વૈભવી હોટલમાં બનેલો બનાવ, મગરને બાદમાં સલામત રીતે ખસેડી લેવામાં આવ્યો

હરારે, તા. ૨૭: ઝિમ્બાબ્વેમાં વિક્ટોરિયા ધોધ પાસે આવેલી એક લક્ઝરી હોટલમાં એક વિશાળ મગર ઘૂસી આવ્યો હતો અને કિચન કાઉન્ટર પર ચઢી ગયો હતો.

એક હિંમતવાન કર્મચારી દ્વારા લેવામાં આવેલા ફૂટેજમાં જોઈ શકાય છે કે આ 12 ફૂટ લાંબુ પ્રાણી પૂંછડી હલાવતું 'એ'ઝામ્બેઝી રિવર લોજ'ના કાઉન્ટર પર પોતાની જાતને ખેંચી રહ્યું છે. સંતુલન જાળવવા માટે મગર તેના પગ વડે પકડ મેળવવાનો પ્રયાસ કરતો દેખાય છે. સફળતાપૂર્વક ઉપર ચઢ્યા પછી, તે કાઉન્ટર પર એકદમ શાંત થઈને બેસી જાય છે, જે જોઈને ભલભલા ડરી જાય.

એવું માનવામાં આવે છે કે આ મગર ગયા અઠવાડિયે ઝામ્બેઝી નદીના કિનારેથી સરકીને હોટલમાં આવ્યો હતો, જે આ ફોર-સ્ટાર હોટલથી માત્ર થોડા જ મીટર દૂર છે. હોટલના સ્ટાફે ઝિમ્બાબ્વે પાર્ક્સ એન્ડ વાઈલ્ડલાઈફ મેનેજમેન્ટ ઓથોરિટીને જાણ કરી હતી, અને આ નાઈલ મગરને કોઈ પણ નુકસાન પહોંચાડ્યા વિના પકડીને ત્યાંથી લઈ જવામાં આવ્યો હતો.

## પેજ 3

### પીઢ બોલિવૂડ અભિનેતા ભરત કપૂરનું 80 વર્ષની વયે નિધન



મુંબઈ, તા. 27 : પીઢ અભિનેતા ભરત કપૂરનું સોમવારે વય-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે અવસાન થયું છે. તેઓ 80 વર્ષના હતા. અભિનેતા અવતાર ગિલે આ સમાચારની પુષ્ટિ આપી હતી. ગિલે જણાવ્યું હતું કે, "હું હમણાં જ સ્મશાનભૂમિથી આવ્યો છું. જ્યારે તેમના પુત્રએ મને ફોન કર્યો, ત્યારે તેમણે જણાવ્યું કે ભરત કપૂર છેલ્લા ત્રણ દિવસથી સ્વસ્થ નહોતા. તેઓ ઘરે જ હતા. તે પહેલા તેઓ હોસ્પિટલમાં હતા." ગિલે વધુમાં ઉમેર્યું હતું કે, "અંતિમ સંસ્કારમાં ખૂબ જ ઓછા લોકો, જેમાં નજીકના સંબંધીઓ અને અમારા થિયેટર ગ્રુપ આઈપીટીએના સભ્યો હાજર રહ્યા હતા. હું ત્યાં હતો, રાકેશ બેદી, દિગ્દર્શક રમેશ કુમાર, અભિનેતા કુલદીપ સિંહ અને અમારા થિયેટર ગ્રુપના અન્ય થોડા લોકો ત્યાં હાજર હતા."

### ગીત વિવાદમાં સંજય દત્તની NCW સમક્ષ લેખિત માફી

50 આદિવાસી કન્યાઓના શિક્ષણની જવાબદારી સ્વીકારી



નવી દિલ્હી, તા. 27 (PTI): અભિનેતા સંજય દત્ત સોમવારે 'સરકે ચુનર તેરી સરકે' ગીત સાથે જોડાયેલા વિવાદના સંબંધમાં રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ) સમક્ષ હાજર થયો હતો અને લેખિતમાં માફીનામા સુપરત કર્યો હતો, જેમાં તેમણે સમાજને થયેલા કોઈપણ 'અજાણતા' નુકસાન બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. એનસીડબ્લ્યુના અધ્યક્ષ વિજયા રહાટકરની અધ્યક્ષતામાં યોજાયેલી સુનાવણી દરમિયાન આયોગે 'કેડી ધ ડેવિલ' ફિલ્મમાં આ ગીત દ્વારા મહિલાઓના કથિત અશ્લીલ અને અશિષ્ટ નિરૂપણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આ ગીત પાછળનો ઈરાદો, જાગૃતિ તથા જવાબદારીના મુદ્દાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. અધ્યક્ષે એ વાત પર ભાર મૂક્યો હતો કે શું આ કન્ટેન્ટમાં ભાગ લેતાં પહેલાં પૂરતી સાવચેતી રાખવામાં આવી હતી? જેને મહિલાઓને એક વસ્તુ તરીકે દર્શાવાઈ હોવાનું માનવામાં આવી શકે છે. સંજય દત્તે 50 આદિવાસી કન્યાઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

### ગોવિંદાએ બાંકે બિહારીના ચરણે શિશ ઝુકાવ્યું



મુંબઈ, તા. 27: બોલીવુડના દિગ્ગજ અભિનેતા અને 'હીરો નંબર 1' ગોવિંદા સોમવારે ભગવાન શ્રીકૃષ્ણની નગરી વૃંદાવન પહોંચ્યો હતો. ગોવિંદા અહીં સંપૂર્ણપણે ભક્તિના રંગમાં રંગાયેલા જોવા મળ્યો હતો. તેમણે માત્ર વિશ્વ પ્રસિદ્ધ ઠાકુર બાંકે બિહારી મંદિરમાં માથું ટેકવ્યું એટલું જ નહીં, પણ તેમણે સંત પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજના આશીર્વાદ પણ લીધા હતા. ગોવિંદાની આ આધ્યાત્મિક યાત્રાએ સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું છે, જ્યાં તેમની સાદગી અને શ્રદ્ધાના લોકો જોરદાર વખાણ કરી રહ્યા છે. વૃંદાવન પહોંચતાં જ ગોવિંદા સૌથી પહેલા ઠાકુર બાંકે બિહારીના મંદિરે ગયો હતો. મંદિરના પૂજારીઓએ સંપૂર્ણ વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે તેમની પાસે વિશેષ પૂજા-અર્ચના કરાવી હતી.



# અમેરિકામાં ૫ કરોડ લોકો પર તોળાઈ રહેલા તોફાની વંટોળિયા

**બાર** રાજ્યો પર જોખમ, રવિવારથી શરૂ થઇને સોમવાર સુધી તોફાન ચાલુ રહેવાની ધારણા

**થોડા** જ દિવસો પહેલા ટોર્નેડોએ દક્ષિણના વિસ્તારોમાં તબાહી સર્જી તેના પછી નવી આગાહી

કેન્સાસ સિટી, તા. ૨૭: અમેરિકામાં આશરે 5 કરોડ લોકો ગંભીર હવામાનના પ્રકોપનો સામનો કરી રહ્યા છે, આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે થોડા દિવસો પહેલા જ આવેલા ટોર્નેડોએ એક વ્યક્તિનો જીવ લીધો હતો અને દક્ષિણના ભાગોને બરબાદ કરી દીધા હતા.

મધ્ય-પશ્ચિમ અને ગ્રેટ પ્લેઈન્સમાં લાખો લોકોને ગંભીર હવામાન માટે ઈમરજન્સી એલર્ટ પર રાખવામાં આવ્યા છે, જેમાં ટોર્નેડોનો પણ સમાવેશ થાય છે, કારણ કે રવિવારથી સોમવાર સુધી તોફાન ચાલુ રહેવાની ધારણા છે. જીવલેણ હવામાનના જોખમ હેઠળ રહેલા બાર રાજ્યોઃ ઈલિનોઈસ, ઈન્ડિયાના, આયોવા, કેન્સાસ, મિશિગન, મિનેસોટા, મિઝોરી, નેબ્રાસ્કા, નોર્થ ડકોટા, ઓહાયો, સાઉથ ડકોટા અને વિસ્કોન્સિન છે. નેશનલ વેધર સર્વિસ અનુસાર, રવિવારે સાંજે 7:30 વાગ્યા પહેલા વિચિટા, કેન્સાસ માટે નવીનતમ ચેતવણી જારી કરવામાં આવી હતી, જ્યાં નિઓડેશાથી લગભગ છ માઈલ દક્ષિણમાં 'વિશાળ અને અત્યંત ખતરનાક ટોર્નેડો' હોવાની પુષ્ટિ થઈ હતી, જે 20 માઈલ પ્રતિ કલાકની ઝડપે પૂર્વ તરફ આગળ વધી રહ્યો હતો. ચેતવણીમાં જણાવાયું હતું કેઃ આ એક અત્યંત જોખમી પરિસ્થિતિ છે. અત્યારે જ સુરક્ષિત સ્થળે આશરો લો! કેન્સાસ સિટી અને સેન્ટ જોસેફ, મિઝોરીના વિસ્તારો માટે પૂરની ચેતવણી પણ જારી કરવામાં આવી છે, જ્યાં બે ઈંચ કે તેથી વધુ વરસાદની શક્યતા છે.

# મહારાષ્ટ્રમાં હવે વાંદરા પકડનારને મળશે 600 રૂ.

**વાંદરાઓથી** પરેશાન લોકોની સમસ્યા દૂર કરવા વન વિભાગે 'કેશ ફોર કેચ' પહેલ શરૂ કરી

મુંબઈ, તા. 27 મહારાષ્ટ્રમાં વધતા માનવ-વાનર સંઘર્ષ વચ્ચે સરકારે એક એવો નિર્ણય લીધો છે, જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. હવે જો કોઈ વાંદરો પકડે છે તો તેને પૂરા 600 રૂપિયા મળશે. મહારાષ્ટ્ર સરકારે આ આદેશ 22 એપ્રિલે જાહેર કર્યો છે. હકીકતમાં, શહેરો અને ગામડાઓમાં રિઝસ મકાક અને હનુમાન લંગૂરની વધતી સંખ્યાએ લોકોને પરેશાન કરી રાખ્યા છે. ક્યારેક ઘરોમાં ઘૂસીને સામાન ઉઠાવી જવો, તો ક્યારેક રસ્તે ચાલતા લોકો પર હુમલો કરી રહ્યા છે. આ ઘટનાઓએ પ્રશાસનની મુશ્કેલીઓ વધારી દીધી હતી. એવામાં વન વિભાગે 'કેશ ફોર કેચ' જેવી પહેલ શરૂ કરી દીધી છે.

આ યોજના હેઠળ વાંદરાઓને પકડવા માટે જાળ અને પાંજરાનો ઉપયોગ કરવામાં આવશે. દરેક પકડાયેલા વાનરનો ફોટો લેવામાં આવશે. એટલે કે હવે વાંદરાઓ પણ 'કેમેરામાં કેદ' થશે. ત્યાર બાદ તેમને શહેરથી ઓછામાં ઓછા 10 કિલોમીટર દૂર જંગલોમાં છોડી દેવામાં આવશે.

600 રૂપિયાની આ રકમ હવે ચર્ચાનો વિષય બની ગઈ છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે. શું આટલી નાની રકમ માટે કોઈ આટલું જોખમ ઉઠાવશે? કારણ કે વાંદરા પકડવા એ કોઈ સરળ કામ નથી, ઘણીવાર આ જીવલેણ પણ હોઈ શકે છે.

# AIના મામલે કાનૂની જંગ: મસ્ક અને સેમ ઓલ્ટમેન અદાલતે ચડ્યા

**OpenAI** અને xAIના માલિકોના સામસામા દાવા

ઓકલેન્ડ (અમેરિકા), તા. ૫(AP): ટેકનોલોજી જગતના દિગ્ગજ ઈલોન મસ્ક અને સેમ ઓલ્ટમેન હવે એક એવા હાઈ-સ્ટેક્સ જંગમાં સામસામે આવવા તૈયાર છે, જે કથિત વિશ્વાસઘાત, છેતરપિંડી અને બેફામ મહત્વાકાંક્ષાની આસપાસ ફરે છે. આ વિવાદે આ બંને અબજોપતિઓના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના વિકાસ માટેના એક સમયના સમાન વિઝનને ધૂંધળું કરી દીધું છે.

સોમવારથી જ્યુરીની પસંદગી સાથે શરૂ થનારો આ ખટલો ChatGPT બનાવનાર કંપની OpenAI ના ૨૦૧૫માં થયેલા જન્મ પર કેન્દ્રિત છે. OpenAI ની શરૂઆત એક નોન-પ્રોફિટ સ્ટાર્ટઅપ તરીકે થઈ હતી, જેમાં મુખ્યત્વે મસ્ક દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું, પરંતુ તે બાદમાં એક વ્યાપારી સાહસમાં ફેરવાઈ ગઈ જેનું મૂલ્ય અત્યારે ૮૫૨ અબજ યુએસ ડોલર છે. આ ટ્રાયલનું પરિણામ AI ક્ષેત્રમાં સત્તાના સંતુલનને બદલી શકે છે. AI એક એવી ક્રાંતિકારી ટેકનોલોજી છે જે અત્યારે નોકરીઓ છીનવી લેનાર અને માનવતાના અસ્તિત્વ સામેના જોખમ તરીકે જોવામાં આવી રહી છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ મસ્કે ઓગસ્ટ ૨૦૨૪માં આ કેસ દાખલ કરતી વખતે આ જોખમોનો ઉલ્લેખ કર્યો હતો, જેનો નિર્ણય હવે ઓકલેન્ડ, કેલિફોર્નિયામાં જ્યુરી અને યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ઈવોન ગોન્ઝાલેઝ રોજર્સ દ્વારા લેવામાં આવશે.

આ સિવિલ મુકદ્દમો OpenAI ના CEO સેમ ઓલ્ટમેન અને તેમના મુખ્ય સાથી ગ્રેગ બ્રોકમેન પર એવો આરોપ મૂકે છે કે તેઓએ એક ક્રાંતિકારી ટેકનોલોજીના પરોપકારી રક્ષક બનવાના કંપનીના સ્થાપના સમયના મિશનથી ભટકીને મસ્ક સાથે દગો કર્યો છે. મુકદ્દમામાં એવો આક્ષેપ છે કે તેઓ તેમની જાણ બહાર નફો કમાવવાના મોડલ તરફ વળી ગયા છે. બીજી તરફ, OpenAI એ મસ્કના આરોપોને પાયાવિહોણા ગણાવી ફગાવી દીધા છે અને તેને 'ખાટી દ્રાક્ષ' જેવો કિસ્સો ગણાવ્યો છે, જેનો હેતુ OpenAIની ઝડપી વૃદ્ધિને નબળી પાડવાનો અને મસ્કની પોતાની કંપની 'xAI' ને પ્રોત્સાહન આપવાનો છે, જે તેમણે ૨૦૨૩માં પ્રતિસ્પર્ધી તરીકે શરૂ કરી હતી.

## દિલ્હીની ચાર પ્રતિષ્ઠિત શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

નવી દિલ્હી, તા. 27 (PTI): રાષ્ટ્રીય રાજધાનીમાં સોમવારે આર્મી પબ્લિક સ્કૂલની ત્રણ શાખાઓ અને એક સીઆરપીએફ સ્કૂલ સહિત ચાર શાળાઓને ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલી બોમ્બની ધમકીઓએ ગભરાટ ફેલાવ્યો હતો, પરંતુ બાદમાં આ કોલ્સ અફવા જાહેર કરવામાં આવ્યા હતા. એમ દિલ્હી ફાયર સર્વિસના એક અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા અનુસાર, એલર્ટ મળ્યા બાદ તરત જ ફાયર ટેન્ડરોને સ્થળ પર રવાના કરવામાં આવ્યા હતા અને સ્થાનિક પોલીસ અને શાળા સત્તાવાળાઓ સાથે મળીને સર્ચ અને ઈવેક્યુએશન (ખાલી કરાવવાની) કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# પંજાબના સસ્પેન્ડ કરાયેલા DIG વિરુદ્ધ EDના દરોડા

**મની** લોન્ડરિંગ કેસમાં 11 સ્થળોએ સર્ચ

ચંદીગઢ, તા. 27 (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા સોમવારે પંજાબમાં વિવિધ સ્થળોએ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી રાજ્ય પોલીસના સસ્પેન્ડ કરાયેલા ડીઆઈજી હરચરણ સિંહ ભુલ્લર અને તેમની સાથે કથિત રીતે જોડાયેલી સંસ્થાઓ વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે કરવામાં આવી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, ચંદીગઢ, લુધિયાણા, પટિયાલા, નાભા (પટિયાલા જિલ્લો) અને જલંધરમાં ભુલ્લર, તેમના સહયોગીઓ અને શંકાસ્પદ બેનામીદારો (જેમના નામે બેનામી મિલકત રાખવામાં આવી હોય તેવી વ્યક્તિ)ના અંદાજે 11 પરિસરોને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

કેન્દ્રીય અર્ધલશ્કરી દળના જવાનોની ટીમ એજન્સીની સર્ચ ટીમોની સાથે રહી હતી. એજન્સીએ તાજેતરમાં આ તપાસ શરૂ કરવા માટે એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ (ઈસીઆઈઆર) દાખલ કર્યો હતો.

ઈડીની આ તપાસ ભુલ્લર વિરુદ્ધ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા નોંધાયેલા કેસમાંથી ઉદ્ભવી છે. તેમના પર એવા આક્ષેપો છે કે તેમણે એક ગુનાહિત કેસ પતાવવા માટે વચેટિયા દ્વારા ગેરકાયદે લાંચ માંગી હતી અને તેમની પાસે તેમની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં કથિત રીતે અપ્રમાણસર મિલકત છે.